# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે બોર્ડ દ્વારા તા/૨૪/૦૮/૨૦૨૦ ના રોજ GUJCET પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. GUJCET પરીક્ષા રાજ્યના જિલ્લા મથકે ૩૪ કેંદ્રો પરથી લેવામાં આવનાર છે. જેમાં કુલ ૧,૨૭,૨૩૦ ઉમેદવારો નોંધાયેલા છે. આ પરીક્ષા ૬૨૧ પરીક્ષા બિલ્ડીંગોમાં ૬૪૩૧ પરીક્ષાખંડોમાં પરીક્ષા યોજાશે.

GUJCETની પરીક્ષા પૂર્ણ થયા બાદ માર્ચ-૨૦૨૦ માં ધો-૧૦ અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવનાર છે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા તા.૨૫/૦૮/૨૦૨૦ થી તા.૨૭/૦૮/૨૦૨૦ દરમિયાન યોજાનાર છે. આ પરીક્ષા રાજ્યના જિલ્લા મથકે ૩૪ કેંદ્રો પરથી લેવામાં આવનાર છે. જેમાં ૨૩૮૩૦ ઉમેદવારો ઉપસ્થિત થનાર છે. તે માટે રાજ્યના જિલ્લાના મુખ્ય મથકો પર કુલ ૧૩૧ પરીક્ષા સ્થળોનો ઉપયોગ થશે અને ૧૧૪૭ પરીક્ષાખંડોમાં પરીક્ષા યોજાશે.

ધો-૧૦ની પૂરક પરીક્ષા તા.૨૫/૦૮/૨૦૨૦ થી તા.૨૮/૦૮/૨૦૨૦ સુધી રાજ્યના જિલ્લા મથકે ૩૮ કેંદ્રો પરથી લેવામાં આવનાર છે. તે પરીક્ષામાં ૧,૩૧,૯૦૧ ઉમેદવારો ઉપસ્થિત થનાર છે. ૬૨૩ પરીક્ષા સ્થળોનો ઉપયોગ થશે અને ૬૧૯૨ પરીક્ષાખંડોમાં પરીક્ષા યોજાશે.

COVID-19 ની પરિસ્થિતિમાં લેવાનાર પરીક્ષાના સંદર્ભે માન.અગ્રસચિવશ્રી શિક્ષણ દ્વારા જિલ્લા કલેક્ટરશ્રીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરીને જરૂરી સાવચેતી રાખવા સૂચનાઓ આપવામાં આવેલ છે. પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળો પર વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે રાખવાની થતી તકેદારીઓ જેવી કે સોશીયલ ડીસ્ટન્સ, સેનીટાઈઝેશનની સુવિધા, થર્મલગનથી ટેમ્પરેચર ચેકીંગ, રૂમના બારી-બારણા ખુલ્લા રાખવા, માસ્ક ફરજીયાત પહેરીને જ પરીક્ષા સ્થળ પર પ્રવેશ તેમજ પરીક્ષાખંડમાં સોશીયલ ડીસ્ટન્સ જળવાય તે રીતે **Zigzag** પ્રકારે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ઉપરોક્ત તમામ વ્યવસ્થાઓની ચકાસણી માટે ઓબ્ઝર્વરની નિયુક્તિ તેમજ COVID-19 માટેના મોનીટરીંગ સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવનાર છે.

જિલ્લા કક્ષાએ પરીક્ષા સ્થળો પર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે માટે સંબંધિત પોલીસ કમિશ્નરશ્રીઓ, જિલ્લા પોલીસ વડાઓને જાણ કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલીટી તેમજ જિલ્લા આરોગ્ય તંત્રને COVID-19 ની ગાઈડલાઈન મુજબ પરીક્ષાના સંદર્ભે તકેદારી માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ સાથે સંકલન જાળવવા અને સહકાર આપવા જણાવેલ છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૨૦/૦૮/૨૦૨૦
સ્થળ :- ગાંધીનગર